# સંસ્કૃત દિવસની ઉજવણીનો અહેવાલ

## શાળાનું નામ : કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા

સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર, સંવર્ધન અને વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા પ્રત્યે રસ તથા ગૌરવની ભાવના વિકસે તે હેતુથી અમારી શાળામાં સંસ્કૃત દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી.

આ ઉજવણીના ભાગરૂપે પ્રથમ સંસ્કૃત ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રામાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષાના સુવાક્યો, શ્લોકો અને સંદેશાઓ સાથે યાત્રા યોજી હતી. સમગ્ર વાતાવરણ સંસ્કૃતમય બની ગયું હતું. યાત્રા દ્વારા સંસ્કૃત ભાષાની પ્રાચીનતા, મહત્ત્વ અને ગૌરવનો સંદેશ સમાજ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શાળામાં સંસ્કૃત પુસ્તક પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી કલ્પના બેન પુવાર ઉપસ્થિત રહ્યાં હતાં.પ્રદર્શનમાં સંસ્કૃત વ્યાકરણ, સાહિત્ય, કાવ્ય, નાટક, મહાકાવ્યો, વેદ-ઉપનિષદ તથા સંસ્કૃતના મહાન ગ્રંથો અને વિવિધ સંદર્ભ પુસ્તકો મૂકવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પુસ્તક પ્રદર્શનની મુલાકાત લીધી અને વિવિધ પુસ્તકો વિશે માહિતી મેળવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા અને સાહિત્ય પ્રત્યે પ્રેમ, રસ અને જિજ્ઞાસા જગાવવાનો હતો. કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા પ્રત્યે ગૌરવની ભાવના વધુ મજબૂત બની હતી.આ રીતે પ્રથમ સંસ્કૃત ગૌરવ યાત્રા તથા પુસ્તક પ્રદર્શન દ્વારા સંસ્કૃત દિવસની ઉજવણી જ્ઞાનપ્રદ, આનંદદાયક અને યાદગાર બની રહી હતી.




यजुर्वेदः
अथर्ववेदः
सामवेद
ऋग्वेदः
रामायणम्
"संस्कृतगौरवयात्रा"
॥ महीसागरजनपदम् ॥


किसान माध्यमिक विद्यालय
संस्कृत-सप्ताह-महोत्सवः

